વડીલોને વંદન અભિનંદન

વિનોદચંદ્ર મણીલાલ શાહ
(૧૯૩૬)મો.૯૩૭૬૮૧૦૪૯૮

કાનજીભાઇ આર. પટેલ
(૧૯૪૨)મો.૯૪૨૮૪૦૪૭૦૮

મુરલીધર બી. વાધવાણી
(૧૯૫૪)મો.૯૩૭૬૮૮૫૬૮૩

કોદરભાઇ દલુભાઇ પટેલ
(૧૯૩૪)મો.૯૪૨૯૩૭૨૮૭૫

મુંબઈ સિદ્ધિ વિનાયકના દર્શન હવે મહેમદાવાદમાં પણ થશે !

મહેમદાવાદમાં અદલ સિદ્ધિ વિનાયકની પ્રતિકૃતિ તૈયાર થઈ રહી છે : ૫ ફેબ્રુઆરીએ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે

ગાંધીનગર, તા. ૩

મુંબઈ સિદ્ધિ વિનાયક મંદિરમાં સ્થિત ભગવાન ગણેશજીની મૂર્તિ જેવી અદલ પ્રતિકૃતિના દર્શનનો લાભ હવે ભાવિકો મહેમદાવાદમાં પણ લઈ શકશે. મહેમદાવાદમાં વાત્રક નદીના કાંઠે સિદ્ધિ વિનાયક મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી તા. ૫ ફેબ્રુઆરીના રોજ ગણેશજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. મુંબઈ સિદ્ધિ વિનાયક મંદિરેથી આવેલી જ્યોત સાથે ૨૪મી જાન્યુઆરીએ અમદાવાદથી ભવ્ય યાત્રાનો પારંભ થશે.

મહેમદાવાદ ખાતે વાત્રક નદીના કાંઠે અદ્‌ભુત પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે ૭૩ ફૂટ ઊંચી પર્વતોની અંદર ગણપતિ ભગવાનની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. જેમાં મંદિરના બહારના ભાગમાં ભગવાનની સૂંઢનું શિલ્પ હશે જે ભગવાનની મૂર્તિથી અલગ હશે. મૂર્તિમાં તો સૂંઢ સહિતના સંપૂર્ણ અંગો, આભૂષણો હશે. આ ઉપરાંત મંદિરના પરિસરમાં બે માર્ગ બનાવાશે. વચ્ચે બગીચો અને શંકર ભગવાનની કૃતિ દેખાય તે રીતનું શિલ્પ અને ફૂવારાઓ મૂકવામાં આવ્યા છે. આ મંદિરની વિશેષતા એ છે કે ભગવાનને ખીલેલું તાજુ ફુલ ધરાવી શકાય તે માટે જાસૂદના છોડ વાવવામાં આવ્યા છે. આ ઉપરાંત રૂદ્રાક્ષ, નાળિયેરી સહિત ઔષધીય વૃક્ષો વાવવામાં આવ્યા છે. પાર્કિંગની વ્યવસ્થા અલાયદી કરવામાં આવી છે. જેમાં ૫૦ બસ, ૫૦૦ ગાડીઓ રહી શકે તે રીતે જુદી વ્યવસ્થા શ્રદ્ધાળુઓને રહેવા માટે ગેસ્ટ હાઉસ જેમાં પ્રાણાયામ ધ્યાન માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

સિદ્ધિવિનાયક ભગવાન શ્રીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા તા. ૫મી ફેબ્રુઆરીએ બપોરે ૧૨.૩૯ મિનિટે મહેમદાવાદ ખાતે નિજ મંદિરમાં થશે. આ ઉગાઉ તા. ૨૪મી જાન્યુઆરીએ મુંબઈ મંદિરેથી આવેલી જ્યોત સાથે યાત્રા અમદાવાદ જશોદાનગર ચોકડીથી શરૂ થશે. જેમાં બાઈક સવારો, ઊંટ લારી તથા ધાર્મિક ટેબ્લો સાથે શણગારેલી ઊંટલારીઓ હશે. આ યાત્રા તા. ૨૪ અને ૨૫ અમદાવાદમાં ફરશે. આ જ્યોત યાત્રા તા. ૨૬મીએ આણંદ, ૨૭મીએ કરમસદ, તા. ૨૮થી ૩૦ નડિયાદની આસપાસ, તા. ૩૧મીએ ડાકોર અને તા. ૧લીએ મહેમદાવાદ પહોચશે. તા. ૨૩ થી મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે. મુંબઈના વિવિધ સિદ્ધિ વિનાયક મંદિરની જ્યોત સાથે શહેરમાં ભવ્ય યાત્રા નીકળશે. તા. ૫મીએ મહેમદાવાદ ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે તેમ મંદિરના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ પુરોહિતે જણાવ્યું છે.


૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના ૬ વર્ષ પુર્ણ થતા ગાંધીનગર ૧૦૮ના સ્ટાફે અક્ષરધામ પાસે કેક કાપીને ઉજવણી કરી હતી. ઈ.એમ.ટી. અશ્વિનભાઈ પટેલ, પાયલોટ રાજભા, જીતેન્દ્રસિંહ, રાજુભાઈ, ઘનશ્યામસિંહ, અશોકસિંહ, અનિલ મિશ્રા, દિનેશ દેવડા, ભરતભાઈ તથા ઈ.એમ.ટી. કુલદિપસિંહ, ચૈતન્ય, બીપીનભાઈ, હર્ષદભાઈ, હિતેશભાઈ સહિતના ગાંધીનગર ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ટીમે ઉજવણી કર્યા બાદ પુનઃ સેવામાં લાગી ગયા હતાં.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ૧૮ મહાનુભાવોને એવૉર્ડથી સન્માનીત કરાયા

ગાંધીનગર, તા. ૩

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આજે શ્રી રવિન્દ્રનાથ ટાગોર મેમોરિયલ હૉલ ખાતે છ વિવિધ એવૉર્ડથી કુલ ૧૮ મહાનુભાવોને સન્માનીત કરી રૂ. ૧૦.૫૦ લાખના એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. સામાજિક સમરસતા -સ્થાપિત કરતા સર્જનાત્મક દલિત સાહિત્ય માટે વર્ષ ૨૦૧૨-૨૦૧૩નો રૂ.૧ લાખનો ડૉ. બાબાસાહેબ આંબેડકર એવૉર્ડ કોસાંબી જનબંધુ રામજીભાઈને -માણપત્ર સાથે એનાયત કરાયો હતો.

સામાજિક કલ્યાણક્ષેત્રે વિશિષ્ટ -દાન માટે સંસ્થાઓને અપાતા મહાત્મા ગાંધી એવૉર્ડ માટે કુલ ૬ સંસ્થાઓને રૂ. ૧ લાખના -માણપત્ર સાથે પુરસ્કાર અર્પણ કરાયો હતો, જેમાં અનુસૂચિત જાતિ/જનજાતિ કાર્યકારી ક્રેડિટ કો. ઓ. સો. લી. ચૂડા, નવચેતના ગ્રામવિકાસ ટ્રસ્ટ, દાહોદને વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે, વર્ષ ૨૦૧૧-૨૦૧૨ નો આદર્શ મહિલા હસ્તકલા સહકારી મંડળી ધોળકા, અમદાવાદને, શ્રી સતકર્મ ગ્રામવિકાસ ટ્રસ્ટ રંધોળા, ભાવનગરને વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે, વર્ષ ૨૦૧૨-૨૦૧૪નો શ્રી પંચમહાલ અનુસૂચિત જાતિ એજયુકેશન ટ્રસ્ટ, અડાદરાને અર્પણ કરવામાં આવ્યા હતા.

સર્જનાત્મક દલિત સાહિત્ય માટે સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવૉર્ડ વર્ષ-૨૦૧૧-૨૦૧૨ નો શ્રી મધુકાંત કલ્પિતને, વર્ષ-૨૦૧૨-૨૦૧૩ માટે શ્રી પુરુષોતમ અંબાલાલ પરમારને અને વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે શ્રી માવજીભાઈ મહેશ્વરીને રૂ.૫૦ હજાર અને -માણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. દલિત વર્ગના શોષણ, દમન,પીડા, સંઘર્ષ અને આકાંક્ષાને અભિવ્યક્ત કરતા દલિત સાહિત્ય માટે સાવિત્રીબાઈ ફૂલે દલિત મહિલા કલા-સાહિત્ય એવૉર્ડ વર્ષ-૨૦૧૧-૨૦૧૨ માટે શ્રીમતી શોભનાબેન સોમૈયાને આપવામાં આવ્યો હતો.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના પ્રમુખ નિમાયા

શહેરમાં સ્વાસ્થ્ય જાળવણીમાં ૧૯૭૫થી કાર્ય કરતી નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગરના વર્ષાબેન દવેની સર્વાનુમતે પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. વર્ષાબેન નેચરોથેરાપીનો અભ્યાસ કરી સેવાકીય પ્રવૃતિ સાથે પતંજલિ યોગ સમિ અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના નેજા હેઠળ જિલ્લા લેવલે અનેક સેવાકીય શિબિરો યોજવામાં આવી છે.

સે-૬-બી ખાતે શિવ મહાપુરાણ કથા યોજાશે

શિવ કથા સમિતિ સે-૬ દ્વારા શિવ મહાપુરાણ કથા તા. ૫ જાન્યુઆરીથી હોલીકા ચોક, સે-૬-બી ખાતે યોજવામાં આવશે. ભકતોની આધ્યાત્મિક સાધનાના ફળ સ્વરૂપે દેવાધિદેવ મહાદેવના ગુણોનું ગાન કરતી શિવ મહાપુરાણ કથા ગોસ્વામી સંજયભારતી બાપુના શ્રી મુખે યોજવામાં આવશે.

શિવમહાપુરાણ કથાનો પ્રારંભ તા. ૫ જાન્યુઆરીના રોજ કરવામાં આવશે. દરરોજ બપોરે ૨.૩૦ કલાકે કથાનું રસપાન કરાવવામાં આવશે. પોથીયાત્રા રૂચિરભાઈ ભટ્ટ નિવાસસ્થાન પ્લોટ નં. ૧૯૩/૧ સે-૬-બી બેન્ડવાજા સાથે નિકળશે. કથાની પૂર્ણાહુતી તા. ૧૧ જાન્યુઆરીના રોજ કરવામાં આવશે. કથામાં મોટી સંખ્યામાં શિવભકતોને ભાગ લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

કોંગ્રેસે અનેક જિલ્લા પ્રમુખો બદલ્યા : માળખામાં ફેરફાર

પંકજ શાહને ખસેડી ચેતન રાવલને શહેર પ્રમુખ તરીકેની જવાબદારી સોંપાઈ : પ્રદેશ સ્તરે મોટાપાયે ફેરફાર થશે

અમદાવાદ, તા.૦૩

ગુજરાત કોંગ્રેસના સંગઠનના માળખામાં ધરખમ ફેરફારો અંગે છેલ્લા ઘણા સમયથી ચાલતી અટકળો બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધીની સુચનાથી ગુજરાતમાં આજે દસ જિલ્લા પ્રમુખોને બદલી નાંખી કોંગ્રેસનું સંગઠન દુરસ્ત કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ શહેરના કોંગ્રેસના પ્રમુખ પંકજ શાહને ખસેડીને તેમના સ્થાને ચેતન રાવલને શહેર પ્રમુખનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. આ ઉપરાંત કચ્છ જિલ્લાના પ્રમુખ વી.કે. હુંબલના સ્થાને નવલસિંહ જાડેજા અને સુરત શહેર પ્રમુખ અશોકભાઈ જીરાવાલાને ખસેડીને તેમના સ્થાને નેષધ દેસાઈને શહેર પ્રમુખ બનાવવામાં આવતા કોંગ્રેસના સંગઠનમાં આગામી દિવસોમાં વધુ સાફ સુફી થશે તેવા સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. જેમાં મુખ્યત્વે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાના સ્થાને સિદ્ધાર્થ પટેલને ફરીથી પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવે તેવી જોરદાર અટકળો કોંગ્રેસમાં વહેતી થઈ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસની યાદીમાં જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જિલ્લા પ્રમુખો માટે કરેલી દરખાસ્તને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધીએ મંજુરી આપેલ છે. અમદાવાદ શહેરના પ્રમુખ પંકજભાઈ શાહ અને કચ્છના પ્રમુખ વી.કે. હુંબલ છેલ્લા સાત કરતા વધુ વર્ષથી પ્રમુખ તરીકે સેવા આપતા હતા અને સ્વેચ્છાએ પ્રમુખ તરીકે મુક્ત થવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણીમાં કોંગ્રેસના પરાજય બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ જાતે જ ગુજરાત કોંગ્રેસના સંગઠનની સમીક્ષા હાથ ધરી હતી અને અમદાવાદ તથા રાજકોટ ખાતે બેઠકો કરી સંગઠનના હોદ્દેદારો તથા અગ્રણી કાર્યકરોને રૂબરૂ સાંભળ્યા હતા ત્યારબાદ પ્રદેશ કોંગ્રેસના નેતાઓને પણ દિલ્હી બોલાવી સંગઠનમાં ધરખમ ફેરફાર કરવાની કવાયત હાથ ધરી હતી. આ કવાયતના ભાગરૂપે આજે પ્રથમ તબક્કે ૧૦ જેટલા શહેર તથા જિલ્લા પ્રમુખોને બદલવામાં આવ્યા છે.

દસ જિલ્લા પ્રમુખની બદલી

શહેર - જિલ્લાનું નામ	પ્રમુખનું નામ
કચ્છ	નવલસિંહ જાડેજા
રાજકોટ	દિનેશ ચોવટીયા
મોરબી	બ્રિજેશ મેરજા
દેવભૂમિ દ્વારકા	પ્રતાપસિંહ એસ. જાડેજા
અમદાવાદ શહેર	ચેતન રાવલ
છોટા ઉદેપુર	ઉમેશ શાહ
સુરત શહેર	નેષધ દેસાઈ
આણંદ	કાંતિ સોઢા પરમાર
વલસાડ	નટવર પટેલ
ડાંગ	ગૌતમ પટેલ

નાગર પરિષદનો આંતરરાષ્ટ્રીય જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા.૩

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાનો જીવનસાથી પસંદગી સંમેલન તા. ૫ જાન્યુઆરી રવિવારના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.

નાગર સમાજનો જીવનસાથી પંસદગી સંમેલન બાબુલાલ મહેતા ઝૂંડાલવાળાના અધ્યક્ષપદે યોજાશે. જેમાં સમગ્ર ભારત અને પરદેશથી તેરસો ઉપરાંત લગ્નોત્સુક યુવક યુવતિઓ ભાગ લેશે. આ પ્રસંગે ગજેન્દ્રભાઈ ખારોડનું નાગર રત્ન તરીકે બહુમાન કરવામાં આવશે. કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ ત્રિવેદી અતિથિ વિશેષ તરીકે તેમજ મોરારીબાપુના બંધુ રામેશ્વર દાસજી હરિયાણી ઉપસ્થિત રહી યુવાનોને આશીર્વચન આપશે.

શબ્દાવલી - ૫૨૭૭



આડી ચાવી

૧. સહેલું, સ્વાભાવિક (૩)
૩. પતિ, સ્વામિ (૨)
૫. રહસ્ય, રાજા (૨)
૬. જિંદગી (૩)
૮. હાટ, ખરીદીની જગ્યા (૩)
૯. બ્રાહ્મણ (૨)
૧૧. નકામું (૩)
૧૩. માણસ (૩)
૧૪. ઝઘડાની પતાવટ કરનાર વચેટ(૩)
૧૫. તણાવું કે તાણવું તે (૨)
૧૬. સંગીતના ધ્વનિ નીકળે તેવું સાધન (૨)
૧૯. જબરદસ્તી, ગુંડાગીરી (૪)
૨૧. માલેતુજાર (૪)
૨૨. રીવાજ, રીત (૩)

ઊભી ચાવી

૧. વખાણ, પ્રસંશા (૪)
૨. મક્કાની જાત્રા (૨)
૩. રાજાનો પ્રધાન (૩)
૪. અવાજ (૨)
૭. નવું થવું તે (૪)
૮. વાલિયાત લવારો (૪)
૧૦. હોંશિયાર (૩)
૧૨. નિર્ણય, ઉકેલ, સમસ્યા કા....(૨)
૧૬. વાયદો, કોલ (૨)
૧૭. બક્ષિસમાં મળેલી જમીન(૩)
૧૮. રંગ, એક યાંત્રિક વાહન(૨)
૧૯. સખાવત, આપવું તે (૨)
૨૦. ચીઢ, ગુસ્સો (૨)

શબ્દાવલી ૫૨૭૬ના જવાબ

આડી ચાવી :- (૧) પાલક (૩) પરિહાસ (૬) સજાવટ (૭) કલર (૮) જપ્ત (૯) તલ (૧૧) રાંક (૧૨) યતિ (૧૪) શાતા (૧૫) પરબ (૧૭) પુગવા (૧૮) જનાર્દન (૧૯) નાઇ

ઊભી ચાવી :- (૧) પાવક (૨) કસરત (૩) પવન (૪) રીટ (૫) સમાપ્ત (૮) જક (૧૦) લઘુતા (૧૨) યક્ષરાજ (૧૩) ટબ (૧૪) શાગિર્દ (૧૫) પગ (૧૬) રવાના

ભારે આક્રોશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોગવાઈઓ સાથે સુસંગત ન હોવાથી સ્વીકારવામાં આવ્યું નથી.

આજે સામાન્ય સભામાં પ્રશ્નોત્તરીકાળ અપેક્ષા મુજબ ઉત્તેજીત રહેવા પામ્યો હતો. જો કે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન શિક્ષકોના ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ આપવાના કેસોની સંખ્યાને લઈ સભ્યો શ્રી જયેશ પટેલ, શ્રી ગુણવંતસિંહ ચાવડા, શ્રી નવિનભાઈ પટેલે સારો રોષ વ્યક્ત કર્યો હતો. વિપક્ષી સભ્યોએ આ મુદ્દે આક્રમક તેવર અપનાવ્યા હતા. ૬૦૦ થી વધુ શિક્ષકો હજુ આ લાભથી પડતર છે તે યોગ્ય નથી તેવી રજુઆત તેમણે કરી હતી. આ પૈકી ૪૧૩ જેટલા કેસોનો દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણને લગતા હોવાનું જણાવી જયેશ પટેલે તંત્રની ઉદાસીનતાને આડે હાથ લીધી હતી.

પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહે જણાવ્યું હતું કે ગાંધીનગર અને કલોલ તાલુકામાં આવા કેસો વધુ પડતર છે. આ બે તાલુકાના કેસોની સંખ્યા ૪૫૦ જેટલી છે. આ પછી કોંગી સભ્યોએ ભાજપના સભ્યો સાથે સૂર પુરાવ્યો હતો. આ મુદ્દે જવાબદારો સામે પગલાં લેવાની માંગણી કરી હતી. તેમણે ટી.ડી.ઓ.ને પણ ઝડપી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

કલોલ તાલુકા પંચાયતના બાંધકામમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યાનો આક્ષેપ કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડ, અજીતસિંહ વાઘેલા તથા કારોબારી ચેરમેન શ્રી રામાજી ઠાકોરે કર્યો હતો. અ.મ.ઈ.ની બદલીના મુદ્દે પણ તંત્રને ઘેરવાના પ્રયાસો સભ્યોએ કરી કેટલાક ચોંકાવનારા દસ્તાવેજો ગૃહમાં રજુ કરતાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

આ પછી વધુ એક વખત સામાન્ય સભાએ પ્રસ્તાવ પસાર કરી કાર્યપાલક ઈજનેરને રાજ્ય સરકારમાં પરત બોલાવવામાં આવે તેમજ સમગ્ર પ્રકરણો માટે તપાસ સમિતિની રચના કરવી અને તપાસ સમિતિના અહેવાલ સાથે તકેદારી આયોગને દરખાસ્ત મોકલવી તેવો નિર્ણય લેવાયો હતો.

૩ કરોડના પંચાયતના બાંધકામમાં રૂ. ૨ કરોડનો ભાવ વધારો આપવાની વાત ભ્રષ્ટાચારની ગંધ માટે પૂરતી હોવાનો આક્ષેપ અજીતસિંહ રાઠોડે કર્યો હતો.

આજની આ સામાન્ય સભામાં કોંગ્રેસી સભ્યોએ ભારેખમ તડાપીટ બોલાવી અને કૂપોષણ મુક્તિ માટે પૌષ્ટિક બિસ્કીટ આપવાનો પ્રોજેક્ટ પડતો મુકવાનો પ્રસ્તાવ પણ કર્યો હતો. આ ઉપરાંત કર્મચારીઓની ઘટને તાકીદે પુરી કરવા તેમજ કર્મચારીઓની શાખાઓને ફાળવણી યોગ્ય સમતુલામાં કરવામાં આવે તે માટે ઉગ્ર રજુઆતો કરી હતી.

સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીના વલણ અને વ્યવહારને લઈ પણ સભ્યોએ તડાપીટ બોલાવી હતી જો કે પંચાયતના પ્રમુખ હીના પટેલે મુત્સદ્દીગીરી બતાવી તેઓ નવા હોવાથી વધુ ૩ મહિના માટે તક આપવાની વાત કરી પ્રશ્નને હળવો બનાવ્યો હતો.

ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, શ્રી અજીતસિંહ વાઘેલાએ આજે ડી.ડી.ઓ. સામે ઉગ્ર નારાજગી વ્યક્ત કરી હતી તેમજ ફાઈલોના નિકાલ અને અન્ય બાબતોને લઈ અરવિંદસિંહ સોલંકી, સદેવસિંહ સહિતના સભ્યોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

એક તબક્કે કોંગ્રેસના સભ્યો ડીડીઓ સામે પગલાં લેવા માટે આવેશમાં આવી ગયા હતા પરંતુ વિપક્ષી નેતા શકુંતલાબેન અને પ્રમુખ હિના પટેલની કુનેહથી મામલો શાંત પડ્યો હતો. સામાન્ય સભામાં મહિલા સભ્યોના રાજીનામા મંજૂર કરી દેવામાં આવ્યા હતા.

દેશ બરબાદ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કરી હતી. સિંહે દાવો કર્યો હતો કે લોકસભાની ચૂંટણી બાદ યુપીએ ફરી સત્તામાં આવશે અને તેમના જ કોઈ નેતા વડાપ્રધાન બનશે. નેશનલ મિડિયા સેન્ટરમાં આજે પત્રકાર પરિષદનું આયોજન કરાયુ હતુ. મનમોહનસિંહે તેમના લાંબા ગાળામાં ખૂબ ઓછી વખત પત્રકાર પરિષદ યોજી છે. મોદી અને રાહુલ વચ્ચે ટક્કર અંગે પ્રશ્નના જવાબમાં સિંહે કહ્યુ હતુકે અમદાવાદના માર્ગ પર નરસંહાર કરાવનારને વડાપ્રધાન બનાવવાની બાબત દેશ માટે વિધ્વંશકારી રહેશે. નબળા વડાપ્રધાનના મુદ્દે તેમણે કહ્યુ હતુ કે શક્તિશાળી વડાપ્રધાનનો મતલબ એ નથી કે નિર્દોષ લોકોની હત્યા કરાવવામાં આવે. સિંહે એમ પણ કહ્યું હતું કે તેઓ આગામી વર્ષે વડાપ્રધાન પદને સ્વીકારશે નહીં અને યુપીએ-ઉના વડાપ્રધાન બનશે નહીં. આની જવાબદારી કોઈ અન્યને સોંપશે. જો કે સિંહે એમ પણ કહ્યું હતું કે તેઓ હાલમાં રાજીનામું આપશે નહીં. વર્તમાન લોકસભાની અવધી પૂર્ણ થઈ ગયા બાદ નવા વડાપ્રધાનને તેઓ જવાબદારી સોંપશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે જો મોદી દેશના વડાપ્રધાન બનશે તો દેશ માટે ખૂબ જ નુકસાનકારક રહેશે અને દેશ બરબાદ થઈ જશે. તેમણે ઉમેર્યું હતું કે જે મુખ્યમંત્રીના ગાળામાં કોમી રમખાણો થયા હોય તે વ્યક્તિ વડાપ્રધાન તરીકે યોગ્ય નથી. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે મોંઘવારી, બેરોજગારીના મુદ્દે તેમની સરકાર નિષ્ફળ રહી છે. મોંઘવારીનેકાબૂમાં લઈ શકી નથી. આ ઉપરાંત લોકોને પૂરતા પ્રમાણમાંરોજગારીની તક આપી શકી નથી. તેમણે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામેની લડાઈ આગળ વધારવામાં આવશે. સાથે સાથે સુધારા પ્રક્રિયાને આગળ વધારવામાં આવશે. મનમોહનસિંહે એમ પણ કહ્યું હતું કે મોંઘવારીને અંકુશમાં લેવા તમામ પગલાં લેવામાં આવશે. સિંહે કહ્યું હતું કે બાળકો અને મહિલાઓના આરોગ્યના ક્ષેત્રમાં કેટલાક પગલાં લેવા માગે છે પરંતુ હજુ સુધી લઈ શક્યા નથી. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષના વિચારોના કારણે કામકાજ ઉપર અસર થઈ છે. પક્ષનેફાયદો થયો છે. સરકારની કામગીરીમાં આ બંનેની રજૂઆતથી ફાયદો થયો છે. આમા કોઈ નુકસાન નથી. સિંહે એમ પણ કહ્યું હતું કે કોઈપણ ગાળામાં પક્ષે ક્યારેય પણ તેમના રાજીનામાની માંગ કરી નથી. પાકિસ્તાન જવાના સંદર્ભમાં કરાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે તેઓ હમેશા પાકિસ્તાન જવા ઈચ્છુક હતા પરંતુ પ્રવર્તમાન સંજોગોના કારણે પાકિસ્તાન જઈ શક્યા નથી. તેમના નવ વર્ષના ગાળામાં તેઓ પાકિસ્તાન જઈ શક્યા નથી. સિંહે દાવો કર્યો હતો કે મોટાભાગના મામલાઓમાં અમારી કામગીરી એનડીએની સરકારની સરખામણીમાં સારી રહી છે. પરિસ્થિતિ મુજબ જે કાંઈ પણ પગલાં લેવાની જરૂર હતી તે લેવામાં આવી છે. સુધારાના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે સુધારા કાર્યક્રમ નથી બલ્કે પ્રક્રિયા છે જેને ચાલુ રાખવામાં આવશે. પક્ષના મોરચે જ્યારે પણ જરૂર પડી છે ત્યારે નિવેદન કર્યા છે. સાચર કમીટીના અહેવાલ મુજબ તેમણે કહ્યું હતું કે આ કમીટીને અમલી બનાવવા માટે ઘણું કામ કરવામાં આવ્યું છે પરંતુ દુઃખ સાથે કહેવામાં આવે છે કે આ બાબતના લાભ લોકો સુધી પહોંચ્યા નથી. સિંહે એમ પણ કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની હારના કારણે મોંઘવારી હોઈ શકે છે. સિંહે એમ પણ કહ્યું હતું કે વડાપ્રધાન પદના ઉમેદવાર માટે રાહુલ ગાંધીની પૂરતી લાયકાત રહેલી છે. છેલ્લા નવ વર્ષના ગાળામાં ક્યારેય પણ એવું લાગ્યું નથી કે તેઓએ રાજીનામું આપી દેવું જોઈએ. ભ્રષ્ટાચારના મામલે તેમણે કહ્યું હતું કે યુપીએ-૧ના ગાળામાં મોટાભાગના આક્ષેપો થયા હતા.

રાજીનામુ મંજૂર.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી સભ્ય સંખ્યા ન રહેતાં સમિતિનું અસ્તિત્વ પણ જોખમમાં મુકાઈ ગયું છે. જો કે હવે સમિતિ જ રહેતી નહિ હોવાનો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓએ કર્યો હતો. આજે સામાન્ય સભાએ શ્રીમતિ ભીખીબેન ઠાકોરનું રાજીનામુ મંજૂર કરવા ઉપરાંત શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલ, શ્રીમતિ મંગીબેન પટેલ, શ્રીમતિ હીનાબેન પટેલે પણ સમિતિના સભ્યો તરીકે આપેલા રાજીનામા મંજૂર કરવામાં આવ્યા હતા. ભાજપના શિક્ષણ સમિતિના સભ્ય શ્રી રમણ વાઘેલાના રાજીનામાનો મુદ્દો વિવાદમાં અટવાતાં શિક્ષણ સમિતિનું ભાવિ પણ હાલક-ડોલક સ્થિતિમાં આવી જવા પામ્યું છે.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોરે હોદ્દા પરથી બીજી વખત રાજીનામુ છ માસમાં આપ્યું હતું. આજે તેમણે તેમનું રાજીનામુ મંજૂર કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હોવાથી તે મંજૂર કરવામાં આવ્યું છે. જો કે તેમણે ૨૦ મુદ્દામાં ચાલુ રહેવા માટેનો આગ્રહ પક્ષના સભ્યોએ કર્યો હતો પરંતુ તેઓ ના માનતા રાજીનામુ મંજૂર કરાયું હતું. જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ સત્તા પર છે અને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિએ જ તેનું અસ્તિત્વ સભ્યોની નારાજગીથી ભૂલાતાં કોંગ્રેસ માટે ક્ષોભજનક સ્થિતિ સર્જાઈ છે. ઉપપ્રમુખના રાજીનામા બાદ હવે નવેસરથી ચૂંટણીની પ્રક્રિયા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

કેન્દ્રીય સહાય.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે તથા ડે. મેયર શ્રી સુભાષ પાંડવે આ નિર્ણયને આવકાર આપ્યો છે. તેમણે જણાવ્યું કે પ્રોજેક્ટને મોડે મોડે મંજૂરી મળી છે તે ગૌરવની વાત છે પણ આ પ્રોજેક્ટને વહેલી મંજૂરી મળી હોત તો આનો અમલ વહેલો શરૂ થઈ શક્યો હોત. જો કે તેમણે કહ્યું કે 'દેર સે આઈ પર દુરસ્ત હોકે આઈ હૈ...' આજે આ પ્રોજેક્ટ મંજૂર થયાના અહેવાલો કોર્પોરેશનમાં પ્રસરતાં જ આનંદનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

કાર્નિવલમાં રમઝટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હતી. આ રજૂઆતમાં સંસ્થાના ૩૬ જેટલા કલાકારો દ્વારા રમઝટ જમાવાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વેણુભારતી સંસ્થા દ્વારા અગાઉ ૧૮-૧૯ ડિસેમ્બરે દમણ ખાતે ઉજવાતા 'દમણ ઉત્સવ'માં પણ ભાગ લઈ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. જેમાં સંગીત, દોહા-છંદ અને રાસ ગરબાની રજૂઆત કરાઈ હતી. પોર્ટુગીઝ સાશનમાંથી દમણ અને દાદરા નગર હવેલી સ્વતંત્ર થયેલ દિવસની ઉજવણી રૂપે દમણ મહોત્સવ યોજાય છે. આ મહોત્સવમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ રજૂઆતો કરી હતી. જેમાં વેણુભારતીના કલાકાર લાલજીભાઈ બારોટે શહેનાઈના સુર અને જાણીતા ફિલ્મી સંગીતકાર મયુર નાડીયાએ દોહા-છંદ રસની રમઝટ બોલાવી હતી. રમેશ નાડીયાએ સૌને ઢોલના તાલે ઝુમાવ્યા તો મયુર મહેરાએ ઝાઝનો ઝંકાર રેલાવ્યો હતો. આ ઉપરાંત બિન્ની દવે, જવનિકા મહેતા, ચાહના દવે, જલ્પા રામી, અરૂણા પરમાર, જીમી સુતરીયા, દર્શન શાહ, આકાશ ચૌધરી, ઈલેશ પરમાર અને મનોજ સોલંકીની